आज़ादी का
अमृत महोत्सव

# Department of Sociology

## Maharaja Krishnakumarsinhji Bhavnagar University, Bhavnagar

organized

**National Seminar**

**on**

# Indian Tourism: Issues, Challenges and Impacts

Sponsored by

**Indian Council of Social Science Research**

## Certificate

This is to certify that Shri./Smt./Miss Mehulkumar N. Patel

Of Assistant professor- Govt. Arts & Commerce College Khergam

Has participated in the National Seminar on Indian Tourism Issues, Challenges and Impacts Sponsored by Indian Council of Social Science Research, New Delhi, held on 27th February 2022.

He/She has Presented the Paper પ્રવાસન [illegible]

Dr. H.L.Chavda
Seminar Coordinator
Head, Dept. Of Sociology
M.K. Bhavnagar University
Bhavnagar

Dr. Kaushik Bhatt
Registrar
M.K. Bhavnagar University
Bhavnagar

Scanned with OKEN Scanner

# ભારતમાં પ્રવાસન

## પ્રશ્નો, પડકારો અને અસરો

સંપાદન

પ્રો. એચ. એલ. ચાવડા

ડૉ. સ્ટેન્લી એ. ભણાત



Scanned with OKEN Scanner

Department of Sociology
MAHARAJA KRISHNAKUMARSINHJI BHAVNAGAR UNIVERSITY

# ભારતમાં પ્રવાસન

## પ્રશ્નો, પડકારો અને અસરો

સંપાદકો

**પ્રો. એચ.એલ.ચાવડા**
પ્રોફેસર અને વડા, સમાજશાસ્ત્ર વિભાગ
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

**ડૉ. સ્ટેનલી. એ. ભનાત**
એસોસિયેટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

red'shine
Publication
INDIA

Scanned with OKEN Scanner

# BHARATAMAM PRAVASANA PRASNO, PADAKARO ANE ASARO

*by: Prof. H.L.Chavda, Dr. Stenly. A. Bhanat*

■

**RED'SHINE PUBLICATION PVT. LTD.**
Headquarters (India): 88-90 REDMAC, Navamuvada,
Lunawada, India-389 230
Contact: +91 76988 26988
Registration no. GJ31D0000034

*In Association with,*
**RED'MAC INTERNATIONAL PRESS & MEDIA. INC**
India | Sweden | UK

■

Text © *Prof. H.L. Chavda*
Cover page ©RED'SHINE Studios, Inc, 2022

■

All rights reserved. No part of this publication may be reproduced or used in any form or by any means- photographic, electronic or mechanical, including photocopying, recording, taping, or information storage and retrieval systems- without the prior written permission of the author.

■

**ISBN:** 978-93-93239-91-4
**ISBN-10:** 93-93239-91-6
**DIP:** 18.10.9393239916
**DOI:** 10.25215/9393239916
Price: ₹ 400
August, 2022 (First Edition)

■

The views expressed by the authors in their articles, reviews etc. in this book are their own. The Editor, Publisher and owner are not responsible for them. All disputes concerning the publication shall be settled in the court at Lunawada.

■

www.redshine.co.in | info@redshine.in
Printed in India | Title ID: 9393239916

Scanned with OKEN Scanner

# CONTENTS


| અનુક્રમ નં. | પ્રકરણ નામ અને લેખક(ઓ) | પૃષ્ઠ નં. |
|---|---|---|
| 1 | કોરોના મહામારીનો યાત્રા અને પર્યટન ઉદ્યોગ પર પ્રભાવ<br>Manishakumari Sharma | 1 |
| 2 | પ્રવાસન : અનુસુચિત જાતી અને પ્રવાસ સ્થાનો<br>મનુભાઈ એચ. મકવાણા | 7 |
| 3 | પ્રવાસન સંચાલન અને ભાવી તકો.<br>Mr. Mehulkumar Navinbhai Patel | 17 |
| 4 | ગુજરાતના પ્રવાસન સ્થળો<br>ડૉ. મીનાક્ષીબેન આર. પટેલ | 22 |
| 5 | ગુજરાત પ્રવાસનના ઐતિહાસિક અને સાંસ્કૃતિક પાસાઓ<br>Assist. Pro. VINOD M AMARCHOLI | 27 |
| 6 | ભારતમાં પર્યટન વિકાસ<br>ડૉ. નમ્રતા જે. સોલંકી | 31 |
| 7 | ભારતમાં પ્રવાસન ઉદ્યોગ<br>Ms. Neha M. Dharaiya | 35 |
| 8 | યુવા પ્રવાસીઓના પ્રવાસન અંગેના અનુભવોનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ<br>ડૉ. નિકુંજ પટેલ | 42 |
| 9 | દરીયાકાંઠાના ગ્રામીણ સમુદાય પર પ્રવાસનનો પ્રભાવ(ભાવનગર જિલ્લાના સંદર્ભમા)<br>ડાભી નિલેશ બી. | 46 |
| 10 | સ્ટેચ્યુ ઓફ યુનિટી: ગુજરાતના એક સ્થળે સમગ્ર વિશ્વની ઝલક<br>દેસાઈ નિલેશકુમાર એમ. | 49 |
| 11 | ભાવનગર જિલ્લાના દરિયાકાંઠાના પ્રવાસન સ્થળોએ સ્વચ્છતાની સ્થિતિ<br>પ્રા. નિલેશ બી. સેતા | 55 |
| 12 | ગુજરાત-પ્રવાસનના અવરોધક પરિબળો<br>ડૉ. નિર્મલકુમાર કે. પટેલ | 59 |


Scanned with OKEN Scanner

# પ્રકરણ 3

# પ્રવાસન સંચાલન અને ભાવી તકો.

Mr. Mehulkumar Navinbhai Patel [3]

પ્રસ્તાવના-

માનવ જાતિ ઉત્ક્રાંતિ કાળથી સતત સફર કરતી રહી છે. જિજ્ઞાસુવૃત્તિ અને નવી જાણકારી મેળવવાની ઉત્કંઠા માણસ નેસતત અનુભવ મેળવવા માટે પ્રેરણા આપે છે. અનુભવ મેળવવા માટેની આકાંક્ષા માણસને મુશાફરી તરફ દોરી જાય છે. માનવ સમાજના વિકાસની સાથોસાથ સ્થળાંતર, હેરફેર તથા કોઈ ચોક્કસ કારણસર એક જગ્યાથી બીજી જગ્યાએ સતત મુશાફરી થતી રહે છે. પ્રાચીન સમયનો સુવર્ણ ઈતિહાસ ભારતમાં સ્વદેશી અને વિદેશી પ્રવાસીઓને હર હંમેશ આવકારતો રહ્યો છે. યુ.એન.સંગ., હેરોડોટસ, અનેમેગેસ્થનીઝ અંગે ઈતિહાસે નોંધ લીધી છે. આ ઉપરાંત ભારતના સફરે આવનાર વિદેશી વેપારી-પ્રવાસીઓ ડચ, હુણો, વલંદાઓ, પોર્ટુગીઝ અને અંગ્રેજોનાં પ્રવાસ અંગે ભારતના ઈતિહાસમાં નોંધલેવામાં આવી છે.

ભારત દેશ વિવિધતાઓનો દેશ છે. ભારતની વિવિધતા સતત લોકોને આકર્ષિત કરતી રહી છે. ભારતના તીર્થો, કિલ્લાઓ, શિલ્પ-સ્થાપત્ય, ગુફાઓ-કંદરાઓ, સાંસ્કૃતિક-વૈવિધ્યતા, કળા વિવિધતા, ઋતુવૈભવ, ભૂમિપ્રદેશો, રણ,પહાડો, નદીઓ અજોડ સૌંદર્યના માલિકો છે.

પ્રવાસન એ માત્ર સામાજિક કે સાંસ્કૃતિક ઘટના જ નથી, પરંતુ આર્થિક પ્રવૃત્તિ તરીકે રાષ્ટ્રવિકાસમાં મહત્વનો ફાળો આપે છે. વર્તમાન સમયમાં પ્રવાસન ઉદ્યોગ રોજગારીની ઉત્તમ તકો પૂરી પાડે છે. પ્રવાસથી માનવના જીવન ધોરણમાં સુધારો, જ્ઞાનમાં વધારો તથા આનંદની અનુભુતી અને સંતોષમા વધારો કરે છે.

સંસાધનનો કાર્યક્ષમ ઉપયોગ થાય તથા તમામ ક્ષેત્રથી સફળતાપૂર્વક આર્થિક ઉપાર્જન થઇ શકે એ માટે સંચાલકીય પરિબળોનો સહકાર લેવો અનિવાર્ય થઇ પડે છે. સંચાલકીય પાસાઓ આયોજન, વ્યવસ્થાતંત્ર, દોરવણી, સંકલન, સંદેશા-વ્યવહાર અને અંકુશનો વ્યવસ્થિત ઉપયોગ કરી પ્રવાસન ક્ષેત્ર હરણફાળ ભરી શકશે. પ્રવાસન ક્ષેત્ર ભારતના અર્થતંત્રની આવકમાં લગભગ 10% જેટલું યોગદાન આપી રહ્યું છે. ભારતની સુંદરતા અને યોગ્ય સંચાલનની જુગલબંધી પ્રવાસન ક્ષેત્રને સર્વોચ્ચ ઊંચાઇ પર પ્રસ્થાપિત કરશે.

**પ્રવાસન સંચાલન યોજના બનાવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો**

પ્રવાસીઓ વધુમાં વધુ સ્થાનીક લોકોને મળે, સ્થાનિક કળા અને પરંપરા માણે.

ભારતનાં લોકલ બજારનું ભાતીગળ ભોજનનો લોકો આસ્વાદ માણી શકે.

---

[3] Assistant Professor, Government Arts and Commerce College Khergam Dist. Navsari



Scanned with OKEN Scanner

સ્થાનિક હોટેલોનો પ્રવાસીઓ દ્વારા વધુને વધુ ઉપયોગ થાય.
પ્રવાસ દરમિયાન થતી ખરીદી લોકલ બજારમાંથી થાય.
પ્રવાસ દરમિયાન સ્થાનિક વાહન-વ્યવહારનો ઉપયોગ થાય એ.
પ્રવાસીઓને સલામતી, સ્વાસ્થ્ય અને અનિચ્છનીય ઘટનાનો ભોગ ના બને બાબત ધ્યાન રાખવું.

**પ્રવાસનસંચાલન-**

"પ્રવાસન ક્ષેત્ર અંતર્ગત કોઈપણ પ્રવૃત્તિ, જાહેરક્ષેત્રની કે ખાનગી ક્ષેત્રની હોય, તેને વ્યવસાયિક ધોરણે વિકાસ કરવા માટે કરવામાં આવતા સંચાલકીય પ્રયત્નોને પ્રવાસન સંચાલન કહી શકાય છે."**(yadav, 2000)**

**પ્રવાસન સંચાલનના પ્રકારો-**

**ઘરેલું પ્રવાસન સંચાલન-**
ઘરેલું પ્રવાસન એ રાષ્ટ્રની સીમાની અંદર કરવામાં આવતી પ્રવાસનની હલનચલન છે.

**ઇન બાઉન્ડટુરીઝમ સંચાલન-**
ઇન બાઉન્ડ ટુરીઝમ એ ચોક્કસ દેશમાં પ્રવેશતા બહારના મૂળના પ્રવાસીઓ સાથે સંબંધ ધરાવે છે .દા.ત.બિન નિવાસીઓ દ્વારા ભારતની મુલાકાત લેવામાં આવે છે.

**બાહ્ય ટુરીઝમ સંચાલન-**
કોઈ એક દેશના સ્થાનિક દ્વારા વિશ્વના અન્ય દેશોમાં પર્યટન સ્થળમાં પ્રવાસન કરવો એટલે બાહ્ય પ્રવાસન.

**આંતરિક પ્રવાસન સંચાલન-**
આંતરિક પર્યટન દેશના કોઈ ક્ષેત્ર સાથે સંબંધિત હોઈ શકે છે.

**રાષ્ટ્રીય પ્રવાસન સંચાલન-**
દેશના આંતરિક ભાગમાં કરવામાં આવતો પ્રવાસ રાષ્ટ્રીય સંચાલન છે.

**આંતરરાષ્ટ્રીય પ્રવાસન સંચાલન-**
જ્યારે એક રાષ્ટ્રના પ્રવાસીઓ દ્વારા અન્ય રાષ્ટ્રમાં પ્રવાસ કરવામાં આવે તેને આંતરરાષ્ટ્રીય પ્રવાસ કહે છે.

**હેતુઓના આધારે પ્રવાસન સંચાલન-**
ધંધાકીય પ્રવાસન સંચાલન-વ્યવસાયિક અથવા ધંધાકીય કારણોસર કરવામાં આવતી મુસાફરી એટલે ધંધાકીય પ્રવાસ.

**મેડીકલ પ્રવાસન સંચાલન-** મેડીકલ પ્રવાસન સંચાલનને મેડીકલ ટ્રાવેલ, હેલ્થ-ટુરીઝમ અને ગ્લોબલ હેલ્થકેર ટુરીઝમ તરીકે ઓળખવામાં આવે છે.



Scanned with OKEN Scanner

**વેલનેસ ટુરીવિંગઝમ સંચાલન** ટુરીઝમમાં મહત્તમ સ્વાસ્થ્ય અને સુખાકારી માટે ,પ્રોત્સાહન અને જાળવણના પ્રાથમિક હેતુ માટે મુશાફરી કરવામાં આવે છે.

**એડવેન્ચર ટુરીઝમ સંચાલન-** સાહસિક પ્રવાસન સંચાલન પડકારજનક ગણાય છે. જેમાં ટ્રેકિંગ, સ્કાય-ડ્રાયવિંગ ,હોર્સ-ડ્રાઈવિંગ, નૌકા-વિહાર વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

**ધાર્મિક પ્રવાસન સંચાલન-**ધાર્મિક પ્રવાસન સંચાલનમાં ધાર્મિક સ્થળોએ પ્રવાસનું આયોજન અને અમલ કરવામાં આવે છે.

**સ્પોર્ટ્સ-ટુરીઝમ સંચાલન-** ક્રિકેટમેચ, ફૂટબોલમેચ, એશીયાડ, ઓલમ્પિક વગેરે રમતોમાં ભાગ લેતા ખેલાડી ઓ કે તે રમતો કે મેચો નિહાળવાનાં ઉદ્દેશથી પ્રવાસ કરતા પ્રવાસીઓની પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં આવે છે.

**એક્ટીવ ટુરીઝમ સંચાલન-** એક્ટીવ ટુરીઝમ સંચાલનનો ઉદ્દેશ્ય ટુરીઝમમાં શિક્ષણ, સાહસ અને રીક્રિયેશન આધારિત વિવિધ પ્રવૃતિઓનું સફળતાપૂર્વક સંચાલનનો છે.

**રીક્રીયેશન ટુરીઝમ સંચાલન-**આ પ્રકારનું પ્રવાસન આનંદ, પ્રમોદ, તનાવમુક્તી, વિશ્રાંતિ કે આરામ વગેરે અનેક હેતુ માટે કરવામાં આવે છે.

**ઈકોટુરીઝમ સંચાલન-**તેમાં કુદરતી સ્થળો, જુદા જુદા નિવસન તંત્રો અને પ્રચલિત પર્યાવરણીય સ્થળોની મુલાકાત અને પ્રવાસ કરવામાં આવે છે.

**ગોલ્ફ ટુરીઝમ સંચાલન-** ગોલ્ફ ટુરીઝમ એસ્પોર્ટ્સ ટુરીઝમ નો એક ઘટક છે.

**સામાજિક પ્રવાસન સંચાલન-** સામાજિક પ્રવાસન એ સમાજ અને તેમની વચ્ચેના સંબંધો પર આધારિત પ્રવાસન છે. સામાજીક જરૂરીયાતો પૂર્ણ કરવા માટે આ પ્રકારનું પ્રવાસન લોકો કરે છે.

**માસ ટુરીઝમ સંચાલન-** જેમાં હજારોની સંખ્યામાં પ્રવાસ કરતા લોકોની પ્રવૃત્તિઓનું સંચલન કરવામાં આવે છે.

**પ્રવાસન સંચાલન વખતે નીચે મુજબની બાબતો ધ્યાનમાં રાખવી આવશ્યક થઇ પડે છે..**
પ્રવાસીઓ વધુમાં વધુ સ્થાનીક લોકોને મળે, સ્થાનિક કળા,પરંપરા માણે એ ધ્યાનમાં રાખવું.
ભારતનું લોકલ બજારનું ભાતીગળ ભોજનનો લોકો આસ્વાદ માણી શકવા જોઈએ.
સ્થાનિક હોટેલોનો પ્રવાસીઓ દ્વારા વધુ ને વધુ ઉપયોગ થવો જોઈએ.
પ્રવાસ દરમિયાન થતી ખરીદી લોકલ બજારમાંથી થાય એ બાબત ધ્યાનમાં રાખવી.
પ્રવાસ દરમિયાન સ્થાનિક વાહન-વ્યવહારનો ઉપયોગ થાયએ નોંધનીય છે.



Scanned with OKEN Scanner

**પ્રવાસનથી માળખાકીય વિકાસ તરફ**

પ્રવાસન ઉદ્યોગનો વિકાસ સાથે સાથે પુરક ઉદ્યોગમાં પણ વિકાસ લાવે છે. પ્રવાસન સાથે સંકળાયેલા હોટેલ-ઉદ્યોગ, રિસોર્ટ, પરિવહન ઉદ્યોગ, મનોરંજન ઉદ્યોગ, સંદેશાવ્યવહાર, માર્કેટિંગ, રમત-ગમ્મત વગેરે ક્ષેત્રને પરિવર્તન લાવવા માટે ફરજ પાડે છે. આ ઉપરાંત ફરવા સાથે સંકળાયેલા અન્ય ઉદ્યોગ જેવા કે હસ્તકળા, ગૃહઉદ્યોગ, સ્થાનિક ઉદ્યોગ વગેરેને વિકાસ પંથે જઈ જાય છે. પ્રવાસન ઉદ્યોગ માટે જરૂરી એવું અગત્યનું માળખાકીય જરૂરિયાતોમાં પણ વધારો થાય છે. જે અંતર્ગત રસ્તા, વીજળી, રેલ્વે, વિમાની સેવા, ઈન્ટરનેટ વગેરેની સુવિધામાં પણ વધારો થાય છે.

**પ્રવાસન સંચાલન-**

પ્રવાસન પ્રવૃત્તિમાં કરવામાં આવતા આયોજન, વ્યવસ્થાતંત્ર, માનવસંસાધન, રચના, સંકલન, સંશોધન અને વિકાસ તથા એવી કોઈપણ સંચાલકીય પ્રયુક્તિઓ કે યુક્તિઓ જેનો હેતુ જે-તે પ્રવાસન ક્ષેત્રમાં પ્રવાસીઓને શ્રેષ્ઠતમ સેવાઓ, આપી ને મહત્તમ વળતર પ્રાપ્ત કરવાનો હોય તેને પ્રવાસન સંચાલન કહેછે.

**પ્રવાસન સંચાલનનાં ફાયદા-**

દેશની રાષ્ટ્રીય આવકમાં વધારો
લોકોની માથાદીઠ આવકમાં વધારો
રોજગારીની તકોનું સર્જન અને વધારો
દેશના GDPમાં ફાળો
સ્થાનિક બજારોને વેગ મળે
મૂડી રોકાણમાં વધારો
દેશની કરવેરા આવકમાં વધારો
માળખાકીય સુવિધાની અંદર સુધારો-વધારો
મૂડી રોકાણમાં આધારો
ગ્રામ્ય અર્થતંત્રનો વિકાસ કે પ્રગતિમાં ફાળો
પરિવહન સુવિધામાં વધારો

**ભારતમાં પ્રવાસનની ભાવી તકો-**

ભારત દેશ ભવિષ્યમાં પ્રવાસન હબ તરીકે સ્થાન પ્રાપ્ત કરી શકે છે. પ્રવાસન સંચાલનના યોગ્ય વિન્યાસના અભાવે દેશ પ્રવાસન ક્ષેત્ર સંપૂર્ણ કાર્યક્ષમતાનો ઉપયોગ કરવામાં સફળતા પ્રાપ્ત થઇ શકી નથી. ભારત દેશ પ્રાકૃતિક વિવિધતાનો ખજાનો છે. તમામ પ્રકારની જૈવ-વિવિધતાનો અખુટ ભંડાર ધરાવેછે. પરંતુ પ્રવાસન ક્ષેત્રે વ્યવસાયિક સંદર્ભમાં હજુ સફળતા મેળવી શક્યા નથી.

વિશ્વના ઘણા દેશોના ઈતિહાસમાં કોઈ પ્રવાસન ક્ષેત્ર અસ્તિત્વ ધરાવતું ન હોતું પરંતુ પાછળથી તેનો આર્ટિફીશીયલી વિકાસ કરવામાં આવ્યો છે, જયારે ભારત પાસે પોતાનો સુવર્ણ ઈતિહાસ અને અદભુત પુરાતત્વ ઈતિહાસના અવશેષો આજે પણ અસ્તિત્વ ધરાવે છે.

પ્રવાસન ક્ષેત્રને વધુ વિકસાવવા માટે ભારતમાં માળખાકીય સુવિધાઓને યોગ્ય ગુણવત્તાયુક્ત કરવા જરૂરી છે આં ઉપરાંત પરિવહન સુવિધાને વધુ વિકસાવવાની જરૂરછે. જે માટે સસ્તું અને



Scanned with OKEN Scanner

ઝડપી કનેકટીવીટી, સલામતી, સક્ષમ અને આયોજિત બ્રાન્ડીંગ અને ચોકસાઈ આ પરિબળોને ધ્યાનમાં રાખવા અનિવાર્ય છે.

વિદેશી હુંડીયામણને ભારતમાં લાવવા માટે હવાઈ કનેકટીવીટી માળખું યોગ્ય આયોજિત કરવું પડશે. પ્રવાસીઓને મળતી સગવડો અને સુવિધામાં વધારો કરી વિદેશી પ્રવાશીઓમાં તૃષ્ટિગુણ ઉમેરવું આવશ્યક થઇ પડશે. પ્રવાસન સ્થળ પર પહોચ્યા પછી ત્યાં મળતી સુવિધાઓ ખુબ મહત્વ ધરાવે છે. પ્રવાસન સ્થળે હોટેલો, રેસ્ટોરન્ટ, ટ્રાન્સપોર્ટ માટે યોગ્ય વ્યવસ્થા પ્રવાસીઓને મુલાકાતમાં સુંદર અનુભવ પૂરો પાડવામાં યથાયોગ્ય ફાળો આપે છે. ભારતમાં પ્રવાસીઓને રોકાવા માટે યોગ્ય હોટેલો અને સલામતીને ધ્યાનમાં રાખવી અતિઆવશ્યકછે. ભારત સરકાર દ્વારા પ્રવાશીઓની સગવડતા માટે સ્વદેશ દર્શન અને સ્વદેશ જેવી સ્કીમ શરૂ કરવામાં આવી છે જે અંતર્ગત સર્કીટ હાઉસ બનાવવામાં આવી રહ્યા છે.સરકાર દ્વારા વિદેશી પ્રવાસીઓને આકર્ષિત કરવા ઇન્ક્રેડેબલ ઇન્ડિયા જેવા કેમ્પેઈન ચલાવવામાં આવી રહ્યા છે. વિદેશી પ્રવાસીઓને આકર્ષિત કરવા એ એક હકારાત્મક દિશા સૂચક પગલું છે જે અંતર્ગત હજુ ઘટતું કરવું આવશ્યક છે. વિદેશી પ્રવાશીઓને પૂછવામાં આવે તો ભારતમાં તેઓ તાજમહલથી વધુ પરિચિત છે પરંતુ ભારત અસંખ્ય એવી ઈમારતો અને પ્રાકૃતિક સંપત્તિઓ ધરાવે છે કે લોકોની આંખો આશ્ચર્ય પામી જાય. ભારત પાસે લગભગ ૭,૫૧૬ કિલોમીટર જેટલી વિશાળ સમુદ્ર સીમાં છે. દરિયાની જીવ-વિવિધતા, ટાપુઓ અને દરિયા કિનારાને વિકસીત કરવામાં આવે તો પર્યટકોને આકર્ષી શકાશે. ભારતમાં પ્રવાસીઓ આવે છે પરંતુ ક્ષમતા અનુસાર માત્રા ઓછી છે. વર્તમાન સમયનાં કોરોનાકાળમાં પ્રવાસન ક્ષેત્ર નબળું પડ્યુંછે ત્યારે ભારતે આ ક્ષેત્રે વધારે મહેનત કરવાની જરૂર છે. ભારતે પોતાની સંપત્તિનું યોગ્ય માપન કર્યું નથી ઉપરાંત તેનું યોગ્ય માર્કેટિંગ પણ થઇ શક્યું નથી. ભારતમાં કોરોના પેન્ડામિકની સીધી અસર પ્રવાસન ક્ષેત્રે થઇ છે. જે દ્વારા આ ક્ષેત્રને ખુબ નુકશાન સહન કરવું પડ્યુંછે. વર્તમાન સરકારી બજેટમાં પ્રવાસન ક્ષેત્રને વિશેષ લાભ મળવા પામ્યો નથી. પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે ઠોસ પગલા ઉઠાવવામાં આવ્યા નથી.

## ઉપસંહાર

ભારત દેશ વિવિધતામાં એકતાનો દેશ છે. ભારતમાં પ્રકૃતિક સૌંદર્ય નદીઓ, પહાડો, જંગલો, ઉચ્ચ-પ્રદેશો, વિવિધ તીર્થસ્થાનો, દરીયાકિનારો, ભાતીગળ સંસ્કૃતિ અજોડ અને અદભુત છે. પ્રવાસ દરમિયાન પ્રવાસીઓને યોગ્ય અને ગુણવત્તાયુક્ત સગવડો આપવામાં આવે તો પ્રવાસ યાદગાર બની રહે છે. પ્રવાસનમાં આયોજન, સંકલન અને અંકુશ જેવી બાબતોનો સમાવેશ પ્રવાસની કાર્યક્ષમતામાં વધારો કરે છે.આ માટે યોગ્ય વ્યવસ્થા હોવી આવશ્યક છે જેને માટે પ્રવાસનનું યોગ્ય સંચાલન થવું એ પૂર્વશરત છે.

## સંદર્ભસાહિત્ય-


1. Dr.Ramanik J. yadav. (2000). *MANAGEMENT -NEW CONSEPTS AND DIRECTIONS* .AMADAVAD: UNIVERSITY GRANTH NIRMAN BOARD GUJARAT .
2. Prin. Late Rana, T. J. (2020-21). *business administration*. ahmedabad: B.S. Shah .




Scanned with OKEN Scanner